







ADVERTISEMENT

# ઈન્ટરસોલાર ઈન્ડિયા એક્સ્પો 2021માં જેક્સન ગ્રુપ હેલિયા પીવી મૉડ્યુલ્સ પ્રદર્શિત કરશે

by KhabarPatri — December 1, 2021 in બિઝનેસ, ભારત 0








ADVERTISEMENT

Share on Facebook | Share on Twitter

ભારતની અગ્રણી ઊર્જા કંપનીઓમાંની એક જેક્સન ગ્રુપ, ગાંધીનગર ખાતે ડિસેમ્બર 2-4, 2021 દરમિયાન યોજાનારા ઈન્ટરસોલાર ઈન્ડિયા એક્સપોમાં સહભાગી થશે. એક્સ્પોમાં જેક્સન ગ્રુપ **હોલ 12, સ્ટેન્ડ એચ 021** ખાતે હેલિયા મૉડ્યુલ્સ, બૅટરી એનર્જી સ્ટોરેજ સૉલ્યુશન 'એનરપૅક', સોલાર ઈન્વર્ટર્સ અને કિટ્સ પ્રદર્શિત કરશે.

આ આયોજનમાં ગ્રુપના સહભાગ વિશે વાત કરતા **જેક્સન ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર. સમીર ગુપ્તા**એ જણાવ્યું હતું કે, "કિફાયતી અને ટેક્નોલૉજીની દૃષ્ટિએ અદ્યતન હોય એવા ઉકેલો અમારા ગ્રાહકોને તેમની વીજ અને ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે રજૂ કરવામાં અમે હંમેશાં આગળ પડતી ભૂમિકા ભજવી છે. ભારતની 'આત્મનિર્ભર ભારત' મહત્વકાંક્ષાને આધાર આપવાના જેક્શન ગ્રુપના ધ્યેય સાથે એક્સ્પો ખાતે પ્રદર્શિત કરાયેલા હેલિયા મૉડ્યુલ્સ અને બૅટરી ઍનર્જી સ્ટોરેજ સૉલ્યુશન (બીઈએસએસ) સુસંગત છે, જળ-વાયુ પરિવર્તનની અસરને હળવી બનાવવા તથા 2030 સુધીમાં ભારતના રિન્યુએબલ ઊર્જા ધ્યેયોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થવાની જેક્સન ગ્રુપની પ્રતિબદ્ધતા છે. "

ADVERTISEMENT

- **હેલિયા સીરિઝ** સ્વદેશી ધોરણે વિકસાવવામાં આવેલું A+ કેટેગરીના હાફ-કટ મોનોપીઈઆરસી સોલાર સેલ્સનો ઉપયોગ કરતું અલ્ટ્રા-મૉડર્ન, હાઈ આઉટપૂટ પીવી મૉડ્યુલ છે. તે મોનોફેસિયલ અને બાયફેસિયલ બંને શ્રેણીઓમાં ઉપલબ્ધ છે, જે 120, 132, 144 અને 156ની વચ્ચેના પ્રકારના હાફ-કટ સેલ્સ માળખા સાથે ઉપલબ્ધ છે. હેલિયા મૉડ્યુલની બાયફેસિયલ રેન્જ મૉડ્યુલની પાછળની બાજુએ પારદર્શક બૅક શીટના ઉપયોગના કારણે તેમાંથી 15% સુધીનો વધારાનો વીજ લાભ મેળવી આપે છે.

હેલિયા સીરિઝ પીવી મૉડ્યુલ મલ્ટિ-બસબાર ટેક્નોલૉજી (એમબીબી) અને ઉચ્ચ-ગીચતા ધરાવતા ઈન્ટરકનેક્શન્સથી સજ્જ છે, જે ઉચ્ચ તાપમાનો પર અને ઓછા-પ્રકાશ/ છાંયડાની પરિસ્થિતિઓમાં પણ વધુ સારું આઉટપૂટ આપે છે. સૌથી પડકારજનક પર્યાવરણમાં પણ પોતાના શ્રેષ્ઠતમ સ્તરે કામગીરી આપવા માટે ડિઝાઈન કરવામાં આવેલી પીવી મૉડ્યુલની હેલિયા સીરિઝ અદભુત પીઆઈડી લાક્ષણિકતાઓ ધરાવે છે અને તે 25 વર્ષની પરફૉર્મન્સ વૉરન્ટી અને 12 વર્ષની પ્રોડક્ટ વર્કમેનશિપ વૉરન્ટીને આવરી લે છે. પીવી મૉડ્યુલની હેલિયા રેન્જ ખર્ચની દૃષ્ટિએ પણ પરવડે એવી છે અને જમીન/ છાપરાની જગ્યાની જરૂરિયાતને ઘટાડી, તે સોલાર પ્લાન્ટના રોકાણ સામે મળનારા વળતરના પાસા પર સકારાત્મક અસર પાડે છે.

- **બૅટરી ઍનર્જી સ્ટોરેજ સૉલ્યુશન 'એનર પૅક'** કાર્બન-મુક્ત સ્વચ્છ વીજળી પૂરી પાડે છે અને અવિરત શાંત વીજ પુરવઠાને સક્ષમ બનાવે છે, જેનાથી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. હાઈબ્રિડ ઈન્વર્ટર, લિથિયમ-આયન બૅટરીઝ તથા સમજદાર ઊર્જા સિસ્ટમથી સજ્જ આ ઉત્પાદન ગ્રિડ વીજળીનું સંયોજન, ડીજી સપ્લાય સાથે કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

કૉમ્પેક્ટ અને મૉડ્યુલર ડિઝાઇન તેને હેરફેર અને ઈન્સ્ટોલેશન માટે આસાન બનાવે છે, સાથે જ ઝડપથી ચાર્જ થવાની તેની ક્ષમતા અને સિસ્ટમ દ્વારા થતો ઊર્જાનો ઓછો વપરાશ તેને વ્યવહારુ અને કિફાયતી બનાવે છે. બીઈએસએસના અવિરત વીજ પુરવઠાથી કામગીરીમાં કોઇપણ પ્રકારના વિક્ષેપના અભાવે ઉત્પાદનમાં શૂન્ય નુકસાનની ખાતરી રહે છે.

બીઈએસએસની રેન્જ 5KWથી શરૂ થાય છે અને રહેણાક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક જરૂરિયાતોને પહોંચી વળી શકે ત્યાં સુધીની હોય છે. બીઇએસએસએસ પાવર બૅક-અપ પણ પૂરો પાડે છે, જે વીજ કપાતને કારણે ઉદ્યોગોને થતાં આવકના નુકસાનને ઘટાડે છે. તેને ચાર્જ થવામાં આશરે બે કલાક જેટલો સમય લાગે છે અને ઍન્ક્રીપ્ટેડ ડેટા લૉગિંગ સાથે તેના પર વૈકલ્પિક રીતે દૂરથી પણ દેખરેખ-નિયંત્રણ રાખી શકાય છે. આઇઇસી ધોરણો તથા તેની ચોતરફ આઈપી – 54 સંરક્ષણ હોય છે. આ પ્રોડક્ટને સિવિલ કામની જરૂર પડતી નથી અને મહત્તમ કામગીરી અને કાર્યક્ષમતા માટે તેમાં ઈન-હાઉસ સ્માર્ટ ઈએમએસ હોય છે.


**અન્ય સમાચાર જે આપના માટે મહત્વના છે**



## ‘આશિકી આ ગયી…’ સોંગમાં પ્રભાસ અને પૂજા હેગડેની રોમેન્ટિક કેમિસ્ટ્રી જોવા મળી

ADVERTISEMENT બાહુબલી ફેમ અભિનેતા પ્રભાસ અને અભિનેત્રી પૂજા હેગડેની બહુપ્રતિક્ષિત ફિલ્મ ‘રાધે શ્યામ’ની રાહ જોઈ રહેલા ચાહકો માટે સારા સમાચાર છે. ફિલ્મનું પહેલું ગીત ‘આશિકી આ ગયી…’ આજે રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીત રિલીઝ થતાની સાથે જ ચર્ચામાં આવી ગયું છે. અરિજીત સિંઘના અવાજમાં ગવાયેલ છે આ રોમેન્ટિક ગીત. ટી-સિરીઝના લેબલ હેઠળ રિલીઝ થયેલા … Continue reading

Khabarpatri






## નેટાફિમ ઇન્ડિયાએ પાકની ઉપજ વધારવા ફ્લેક્સિ સ્પ્રિન્કલર કિટ પ્રસ્તુત કરી

ભારતની અગ્રમી સ્માર્ટ ઇરિગેશન સોલ્યુશન પ્રોવાઇડર નેટાફિમ ઇન્ડિયાએ ફિલ્ડ ક્રોપ સ્પ્રિન્કરલર ઇરિગેશન સિસ્ટમ (ખેતરમાં પાક પર પાણી ના ફુવારા દ્વારા થતી સિંચાઇ વ્યવસ્થા) હેરવવા ફેરવવા માં સરળ એવી ફ્લેક્સિ સ્પ્રિન્કલર કિટ પ્રસ્તુત કરી છે. ફ્લેક્સિ સ્પ્રિન્કલર કિટ પ્રસ્તુત કરીને કંપનીનો ઉદ્દેશ 15,000 હેક્ટર જમીનને આવરી લેવાનો અને વર્ષ 2022 સુધી સમગ્ર ભારતમાં 15,000 ખેડૂતો સુધી ... Continue reading

Khabarpatri

**Related**

બીએમડબલ્યુ ગ્રુપ ઇન્ડિયાએ ડોક્ટરો માટે વિશેષ સેવાઓ ઘોષિત કરી
May 5, 2020
In "News"

BMW વડોદરામાં સૌથી વિશાળ ઈન્ટીગ્રેટેડ ડીલરશિપ સાથે ગ્રાહક અનુભવમાં નવુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડે છે
October 22, 2020
In "કાર અને ઑટોમોબાઇલ"

ફુજીફિલ્મે 73મા વાર્ષિક આઈઆરઆઈએ કોન્ફરન્સ 2020માં નવાં તબીબી ઉપકરણો પ્રદર્શિત કર્યાં
January 23, 2020
In "અન્ય સાધનો"

**Tags:** Helia PV modules | Intersolar India Expo 2021 | Solar system | હેલિયા પીવી મૉડ્યુલ્સ

Share | Tweet | Share | Send | Share



Previous Post

એરટેલે ભારતમાં પ્રથમ વખત 700 MHz બેન્ડ પર 5G ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરી

Next Post

KONE એલિવેટર ઇન્ડિયા ફરી એકવાર કામ કરવા માટે ભારતના ટોચના સ્થળોમાંના એક તરીકે ઓળખાય છે

## Related Posts

### સ્કોડા ઓટો ઇન્ડિયાએ વેચાણમાં વાર્ષિક સ્તરે 108 ટકાની વૃદ્ધિ કરી

BY **KHABARPATRI** DECEMBER 6, 2021 0

સ્કોડા ઓટો ઇન્ડિયા છેલ્લા એક વર્ષથી વૃદ્ધિનો અનુભવ કરી રહ્યો છે અને તેણે નવેમ્બર 2021ના વેચાણમાં પાછલા વર્ષના સમાન ગાળાની...

READ MORE

### દેશમાં ૪૦થી વધુ વયના લોકોને બૂસ્ટર ડોઝ આપવા ભલામણ

BY **KHABARPATRI** DECEMBER 4, 2021 0




દેશના ટોચના જિનોમ વૈજ્ઞાનિકોએ ૪૦ વર્ષ અને તેથી વધુ વયના લોકોને કોરોના રસીનો બૂસ્ટર ડોઝ આપવાની ભલામણ કરી છે. ઈનસાકોગ...

READ MORE

### બજારોમાં ડુંગળી મોંઘી અને ખેડૂતો પાસેથી સાવ ઓછા ભાવે ખરીદી

BY **KHABARPATRI** DECEMBER 4, 2021 0



મુંબઇની શાકભાજી બજારોમાં ભલે ૪૦થી ૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે કાંદા વેંચાઇ રહ્યા હોય પરંતુ ખેડૂતોને તેની કેટલી ઓછી કિંમત...

READ MORE

### કેટરિના કૈફ અને વિક્કી કૌશલ રાજસ્થાનમાં ૯ ડિસેમ્બરે લગ્ન કરશે

BY **KHABARPATRI** DECEMBER 4, 2021 0



રાજસ્થાનના સવાઇ માધોપુરના કલેકટરની એક ચિઠ્ઠી  સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ રહી છે. જેમાં સ્પષ્ટ જણાવામાં આવ્યું છે કે, ૯...



READ MORE

## પાકિસ્તાનના ઉદ્યોગોને કારણે ભારતમાં પ્રદૂષણ થાય છે : યોગી

BY **KHABARPATRI** DECEMBER 4, 2021 0

પ્રદૂષણને લઇને કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે પાંચ સભ્યોની એન્ફોર્સમેન્ટ ટાસ્ક ફોર્સ તૈયાર કરવામાં આવી છે. જ્યારે દિલ્હીના...




READ MORE

LOAD MORE

### Click to visit – V Help Foundation

V-Help Foundation
REG NO. E 19259 A'BAD
"We Dare to Care"






Currently Playing

## Pages

About Us

Contact

DISCLAIMER

Give Ad

I am also Khabarpatri !!

Join us on WhatsApp

Khabarpatri

Our Team

Partnership

Terms and Conditions

## Weather




ADVERTISEMENT

## Live Visitor Map

## Visitor Count Since Jan 2018

## Categories

- 15 ઓગસ્ટ
- Ahmedabad
- Bollywood
- English News
- Its Different
- News
- અક્ષય તૃતીયા
- અન્ય
- અન્ય સાધનો
- અમદાવાદ
- આંતરરાષ્ટ્રીય
- ઇતિહાસ
- ઇવેન્ટ
- એપ્લિકેશન અને સોફ્ટવેર
- કળા અને સાહિત્ય
- કવિ પરિચય
- કાર અને ઑટોમોબાઇલ
- કારકિર્દી
- કાવ્યપત્રી
- કૃષિ
- કોમ્પ્યુટર અને લેપટોપ
- કોરોના
- ક્રિકેટ
- ફેશન એન્ડ જ્વેલરી
- ફોટો સ્ટોરી
- ફ્રેન્ડશીપ ડે
- બિઝનેસ
- બૉલીવુડ
- બ્યુટી એન્ડ ફિટનેસ
- ભણતર નું ચણતર
- ભારત
- મકર સંક્રાંતિ
- મધર્સ ડે
- મનોરંજન
- મોડેલિંગ
- મોબાઈલ ફોન અને ટેબ્લેટ
- યુગપત્રી
- યુનિયન બજેટ
- યોગા
- રક્ષાબંધન
- રથયાત્રા
- રમઝાન
- રમત જગત
- રાજનીતિ
- રાશિ ભવિષ્ય
- રિલેશનશિપ

## હું પણ ખબરપત્રી

તમારું નામ અને અટક

Email

ફોન નંબર

ખબર ની વિગત

UPLOAD ફોટો

Click to refresh

Captcha

Submit

## Main Manu

કળા અને સાહિત્ય

મનોરંજન

ફૂડ એન્ડ ટિપ્સ

લાઈફ સ્ટાઇલ

સ્થાનિક સમાચાર

રમત જગત

ટેક્નોલોજી

© 2021 All Right Reserved by Khabarpatri - Content Owned By KhabarPatri